# સમુદ્રની પટકથા

ગુજરાતી ભાષાના વાંચકો માટે એક અલગ પહેલ....સમુદ્રના વિવિધ જીવોની જીવન શૈલીનાં વર્ણનનો કઈંક અલગ અંદાજ

## ભાગ ૧૬ : "લેવટા"

ઢળતી સાંજે અંબિકા નદીનો કિનારો, ભરતીનાં ઓસરતાં પાણી સાથે કિનારાના કાદવમાંથી પરાવર્તિત થતો સૂર્યનો આંખોને અંજાવતા તેજ, અને એજ કાદવમાં દેડકાની જેમ ઉછળકુદ કરતા "લેવટા", જેમ ભરતીનાં પાણી ઓસરે તેમ સંખ્યાબંધ "લેવટા" કાદવમાંથી બહાર આવતા નજરે ચડે. કાદવમાં તરબતોળ એક-બીજા સામે પોતાના બે ફીન્સ વડે લડતા-કુદતા-સરકતા "લેવટા", જાણે કાદવમાં સ્કી/સ્કેટિંગ ન કરતા હોય...!



"લેવટા" એ સ્થાનિક ગુજરાતી નામ, બાકી એમ "મડસ્કીપર" (Mudskipper) નાં નામે ઓળખાય, કાદવમાં સરકતી ઉભયચર માછલી, ગોબી ફિશ સમુદાયનાં પેટા-કુટુંબ Oxudercinae માં ૩૨ "મડસ્કીપર" માછલીની પ્રજાતી સમાવેશ થાય. દેખાવે સામાન્ય માછલીથી અલગ ચપટું અને ફૂલેલું દેડકા જેવું મોટું માથું, આંખો હેડલાઈટની જેમ ઉપરનાં ભાગે થોડી બહાર, મુખ્ય રોચક અંગ કહેવાય એવા છાતીનાં ભાગે આવેલ એક જોડી ફીન્સ જેની મદદથી "મડસ્કીપર" કાદવ પર ચાલી/સરકી શકે અને પત્થર કે તીવાર/મેગૃવની નાની ડાળી પર એક-બે ફૂટની ઉચાઇ સુધી ચડી પણ શકે. તેમજ એક-બે ફૂટ જેટલા કુદકા પણ ભરી શકે. એક નર મડસ્કીપરની બાજુમાં બીજો નર આવે એટલે પોતાના એરિયાને લઈ બંને વચ્ચે ઝઘડો શરૂ, પોતાના મોટા જડબા ખોલી અને પીઠ પર આવેલ ફીન્સ ને ઉચા કરી સામ-સામે બાખડે એ લડાઈ પણ જોવા જેવી રસપદ હોય.



ખારા પાણીની માછલી એટલે કાદવવાળી જગ્યા કે જ્યાં દરિયાની ભરતીનાં પાણી આવતા હોય તેવા સ્થળે તેમજ તીવાર/મેગૃવનાં ઝાડ અને કાદવ હોય એવી જગ્યા એ નિવાસ કરે. રંગે બ્રાઉનીશ-લીલાશ અને લાલ, લીલા કે ભૂરા ટપકા વાળુ શરીર. કેટલીક વનસ્પતિ, શેવાળ તેમજ નાના કરચલા કે જીવ-જંતુ ઓ તેનો ખોરાક.

જયારે ભરતીના પાણી આવે કે અન્ય શિકારીથી સ્વ-રક્ષણ અને પોતાના શરીરનાં તાપમાનને જાળવવા તરત પોતાની બખોલ/ડેનમાં ગરકાવ થઈ આરામ કરે, ભરતીનાં પાણી ઓસરતાં ફરી કાદવ કે પત્થરની સપાટી પર આવી દિનચર્યા ચાલુ કરે અને મહત્તમ સમય પાણીની બહાર સમય વ્યતીત કરે. ખુલ્લી હવામાં અને પાણીમાં રહેવા માટે ઉભયચર તરીકે શ્વસન અંગોનું અદભૂત અનુકુલન. પાણીમાં શ્વાસ લેવા માટે સામાન્ય માછલીની જેમ ચૂઈનો ઉપયોગ કરે, જયારે પાણીની બહાર આવે ત્યારે જેમ એક ગોતાખોર ઓક્સીજન ભરેલા સીલીન્ડર લઇ ને ગોતાખોરી કરે તે આ મડસ્કીપર ચૂઈમાં પરપોટા સ્વરૂપે પાણી ભરીને તેની મદદથી શ્વાસ લે, સાથો-સાથ શ્વાસ લેવાનું કાર્ય તેની ચામડીની વિશિષ્ટ રચનાને કારણે પણ ચામડીથી કરે. પોતાના શરીરને ગમે એ સ્થિતિમાં પાણીમાં ભીનું રાખવું અતિ આવશ્યક, જેના માટે એ સમય-સમયે પાણી પીવે તથા કાદવ/પાણી માં પોતાના શરીરને આળોટે. આંખોને પણ પાણીની બહાર ભીની રાખવા આખોનાં નીચેના ભાગે આવેલ વિશિષ્ટ આકારની ખાડા જેવા રચનામાં પાણી ભરાયેલ રહે, જેથી જ્યારે આખો બંધ કરે કે આખો ફરી ભીની થઈ જાય.



લેવટા મનુષ્ય જીવ દ્વારા ખોરાકમાં પસંદગીની એક માછલી, જેને કાદવ માંથી પકડવાનું કામ પણ એક માછીમારીની નિપૂર્ણતા માંગે. માટલાનું/ઘડાનું મુખ કાદવની સપાટીથી થોડું અંદર રહે એમ એને કાદવમાં દાટવામાં આવે. પછી માટલાનાં ચારે તરફથી એક સાથે કાદવમાં ચાલીને લેવટાને ભગાડવામાં આવે એટલે લેવટા પેલા માટલાનાં મુખમાં દાખલ થઈ તેમાં ફસાઈ જાય, પછી એ લેવટા ઓને તાજા પાણીમાં સફાઈ કરી એક પાત્રમાં વેચાણ માટે મત્સ્ય બજારમાં મોકલવામાં આવે. નવાઈની વાત એ કે ઉભયચર એટલે એ પાત્રમાં પણ થોડા પાણીમાં/ભીનાશમાં જીવિત જ રહે....! કદાચિત મત્સ્ય બજાર ગયા હોય તો ઉછળકુદ કરતા "લેવટા" તમે પણ જોયા જ હશે...?

આ "લેવટા" તો પેલી કહેવત **"મછલી જલ કી રાની હે...જીવન ઉસકા પાની હે"** ખોટી સાબિત કરતા હોય એવું લાગે...!

https://youtu.be/Ix-PqIbDdwI

https://conchology.co.in

www.facebook.com/conchology.co.in

- મેહુલ & હિરલ

તા.૦૬/૦૪/૨૦૨૧